
# 4 પતંગ આવ્યો.....

**ચર્ચાના મુદ્દા :**

❀ બાળમિત્રો, તમારો પ્રિય તહેવાર કયો છે? ❀ કોણ તમને પતંગ ચગાવવામાં મદદ કરે છે ? ❀ તમે ઉત્તરાયણમાં કઈ કઈ વાનગીઓનો સ્વાદ માણો છો ?

પતંગ આવ્યો..... પતંગ આવ્યો.....
અગાશી બોલાવે, મસ્તી કરવા કાજે



પંખીડા જલ્દી દાણા ચણી લો
પછી ઝાડે - માળે કરો આરામ
પિંકું ચરખો લેજે, બબલી પતંગ લેજે.
ઊંચે આકાશે આજે પતંગ ઉડાવીએ.

સર.... સર.... સર.... હવામાં ઝૂમે
લાલ, પીળાં ગુલાબી પતંગ.
મેઘધનુષના રંગે રંગાયું જાણે ગગન
સંગીતના તાલે સૌ કોઈ ઝૂમે

## સ્વાધ્યાય

Oral expression

### મૌખિક

**1. પ્રશ્નોત્તર (Question / Answer) :**

(૧) બાળકો કયો તહેવાર માનવી રહ્યા હતા ?

(૨) કોને જલદી દાણા ખાવાનું કહેવામાં આવે છે ?

(૩) ક્યાં બાળકો મસ્તી કરશે ?

### લેખિત

Written expression

**2. પ્રશ્નોત્તર (Question / Answer) :**

(૧) કવિતામાં પંખીઓને આરામ કરવાનું શા માટે કહેવામાં આવે છે ?

(૨) બાળકો કેવી રીતે ઉત્તરાયણના તહેવારની ઉજવણી કરે છે ? તમારા શબ્દોમાં લખો.

(૩) કઈ કઈ વાનગીઓ ઉત્તરાયણના દિવસે બને છે ?

**3. નીચેના શબ્દો પરથી વાક્ય બનાવો. (Make Sentence) :**

(૧) મનોરંજન મેળામાં અનેક મનોરંજનના કાર્યક્રમો થાય છે.

(૨) સંગીત મને સંગીત સાંભળવું ગમે છે.

(૩) અગાશી બાળકો અગાશીમાં પતંગ ચગાવે છે.

(૪) રંગબેરંગી ફુગ્ગાવાળો રંગબેરંગી ફુગ્ગા વેચે છે.

4. નીચે આપેલ આડી-અવળી લીટીમાંથી તહેવારના નામ લખો.
(find Festival name in this Box) :

| | | | | | |
|---|---|---|---|---|---|
| દી | બ | ળે | વ | કો | ઉ |
| જ | વા | હો | જ | ત | ફ |
| ન | ઈ | ળી | રા | ફ | પ |
| મા | દ | ય | ધૂ | ળે | ટી |
| ષ્ટ | ણ | ન | વ | રા | ત્રી |
| મી | રા | મ | ન | વ | મી |
| ના | તા | લ | ય | ટ | ભ |

......દિવાળી......
......બળેવ......
......હોળી......
......રામનવમી......
......નવરાત્રી......
......નાતાલ......

5. નીચે આપેલ ચિત્ર જોઈને ઉત્તરાયણમાં શું કરવું લીલા રંગથી ★ અને શું ન કરવું એના લાલ રંગથી ★ નિશાન બનાવવું.

(૧) પક્ષીઓને દાણા નાખીશું. ★

(૨) પતંગ લૂંટવા માટે દોડીશું નહીં. ★

(૩) ચીક્કીની મજા માણીશું. ★

(૪) વીજળીના તારથી દૂર રહીશું. ★

(૫) સાવધાની સાથે તહેવાર મનાવીશું. ★

(૬) વાહન પર બેસીએ ત્યારે ગળામાં મોટું કપડું લગાવીને બેસીશું. ★